**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૭ ટકા

# ચૂંટણીના માહોલનો અંત આવતા શહેરીજનોને હાશકારો....!!!

## ઘોંઘાટ કરતી રીક્ષા અને રોડ શૉ-બાઈક રેલીઓ બંધ થતા વાતાવરણમાં શાંતિ : ગમે ત્યારે સોસાયટી અને ઘરના દરવાજે ટપકી પડેલા રાજકીય નેતાઓ-કાર્યકરોથી ગરમીના માહોલમાં છુટકારો મળતા રાહત

ગાંધીનગર, તા.૨૪

હા..શ... અંતે પત્યું...!! આવો જ લાંબો હાશકારો લોકસભાની ચૂંટણી માટે ગઈ કાલે યોજાયેલા મતદાન પછી શહેરીજનોએ તથા રાજકીય પક્ષના કાર્યકરોએ આજે અનુભવ્યો છે. છેલ્લા એકાદ માસ કરતા વધુ સમયથી સતત ચૂંટણીની વાતો અને એમાં પણ છેલ્લા સપ્તાહમાં ચરમ સીમાએ પહોંચેલા ચૂંટણી પ્રચાર સાથે આકાશી અગનગોળા સમી ત્રાસદાયક ગરમીના માહોલમાં નગરજનો અકળાઈ ઉઠયા હતા. જેમાં હવે મતદાન બાદ ચૂંટણીનો માહોલ ઠંડો પડી જતા એક હાશકારાનો અનુભવ કરી રહ્યા છે. બીજી તરફ રાજકીય પક્ષોના કાર્યકરોએ પણ છેલ્લા એક માસની દોડાદોડી પછી આજે મનભરીને આરામ કર્યો હતો અને મોટા ભાગના કાર્યકરો દિવસભર ઊંઘ્યા હતા અને પક્ષોના કાર્યાલયો પર રીતસરના કાગડા ઉડતા હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

આ વખતની લોકસભાની ચૂંટણીઓ સાત ચરણમાં યોજાઈ રહી છે. જેમાંથી ગઈ કાલે હજુ ત્રીજા તબક્કાનું મતદાન યોજાયું હતું. પરંતુ છેલ્લા એક માસ કરતા પણ વધુ સમયથી ટીવી-અખબાર, સોશ્યલ મિડીયા અને ચૌરે ચૌટે ચૂંટણીઓની વાતો, રાજકીય નેતાઓ-કાર્યકરોની મિટીંગો, દોડાદોડી, નેતાઓની પક્ષાપક્ષી અને પક્ષોની અદલા બદલી, આક્ષેપો-પ્રતિ આક્ષેપો વગેરેનો સ્થાનિક કક્ષાએ હવે અંત આવ્યો છે જેને કારણે સામાન્ય વર્ગ પોતાના રોજીંદા કાર્યમાં પણ મન પરોવી શકતો નહોતો તથા વીઆઈપીઓના આવાગમનને કારણે ઘણીવાર ટ્રાફિક જામ કે રૂટ ડાયવર્ટ જેવી સમસ્યાઓનો ભોગ બનતો હતો. વળી છેલ્લા દસેક દિવસથી શહેરમાં પ્રત્યક્ષ પ્રચારે જોર પકડયું હતું તેથી ગરમીમાં પણ ઘોંઘાટ કરતી દોડતી રીક્ષાઓ, બાઈક રેલીઓ, રાજકીય રોડ શૉ તથા ગમે ત્યારે સોસાયટીમાં અને ઘરના દરવાજે ટપકી પડતા રાજકીય અગ્રણીઓ-કાર્યકરોથી સામાન્ય મતદાતા ત્રસ્ત હતો. અનેક સભા-રેલીઓમાં નજીકના સ્નેહીજન, મિત્ર કે ઓળખીતા રાજકારણીને કારણે દબાણવશ જવું પડતું હોય તેવી પરિસ્થિતિમાંથી પણ છુટકારો મળ્યો છે. મતદાન પુરું થતા જ શહેરમાં ચૂંટણીનું વાતાવરણ તદ્દન ઠંડુ પડી ગયું છે. તેથી નાગરિકો હાશકારો અનુભવી રહ્યા છે અને વધતી જતી ગરમીમાં થોડી રાહત અનુભવી રહ્યા છે.

### મતદાનના આંકડાઓને આધારે અટકળોનો દૌર

મતદાનના આંકડાઓ બાદ હવે સોસાયટી, વસાહતોના નાકે અથવા પાનના ગલ્લા અને ચાની કિટલીઓ કહો કે ઓફિસોમાં અને મિત્ર વર્તુળોમાં ચંટણીના પરીણામો વિશેની અટકળો ચાલુ થઈ ગઈ છે. દરેક વ્યકિત પોતપોતાની રીતે શહેરી-ગ્રામ્ય વિસ્તારના મતદાનના આંકડાને મૂલવી પોત પોતાના તર્ક લડાવી રહ્યા છે. જેમાં રાજકીય અગ્રણીઓ અને કાર્યકરો પણ અવઢવમાં મુકાયા છે. જો કે છેલ્લું સ્મિત તો સામાન્ય મતદાતાનું જ રહેશે તે આ ચૂંટણીઓમાં ફરી સાબિત થઈ ગયું છે અને તે જ લોકશાહીનો પ્રાણ છે.

### રાજકીય પક્ષના કાર્યકરોએ દિવસભર ઊંઘ ખેંચી

શહેરમાં છેલ્લા એક માસથી વધુ સમયથી ભાજપ-કોંગ્રેસ બંને પક્ષના કાર્યકરોએ એડીચોટીનું જોર લગાડયું હતું અને છેલ્લા એક સપ્તાહથી તો પ્રચાર ચરમસીમાએ હતો ત્યારે કાર્યકરોએ રાતોના ઉજાગરા કરવા પડયા છે. ગરમી વધુ રહેતી હોવાથી બપોરે મતદાતાના રોષનો ભોગ બનવુ ના પડે તે હેતુથી ડોર ટુ ડોર પ્રચાર કાર્ય વહેલી સવારથી બપોર સુધી અને સાંજથી મોડી રાત્રિ સુધી કરવામાં આવતું હતું તેથી કાર્યકર્તાઓને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આજે બંને પક્ષના કાર્યકરોએ દિવસભર લાંબી ઊંઘ ખેંચી આરામ માણ્યો હતો. દેશના અન્ય રાજયોમાં ચૂંટણી પ્રચાર માટે જવા પાર્ટીમાંથી આવેલ યાદી તૈયાર કરવાની સૂચનાને પણ કાર્યકરોએ અવગણી છે.

# ગાંધીનગર સહિત ચાર જિલ્લાઓમાં આતંક મચાવનાર વાહનચોરતી ટોળકી ઝડપાઈ

## કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર સહિત પાંચ ઝડપાયા : ૯ બાઈક સાથે દાહોદની આ ગેંગને એલસીબીએ દબોચી લીધી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર ઉપરાંત સંતરામપુર, કચ્છ અને ગાંધીધામ સહિતના વિસ્તારોમાં તરખાટ મચાવનાર દાહોદની વાહનચોર ટોળકી આખરે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગઈ છે. કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર સહિત પાંચ શખ્સોને ચોરીના નવ બાઈક સાથે દબોચી લેવામાં આવ્યા છે. એલસીબીની ટીમે પોણા બે લાખની કિંમતના ચોરી કરેલા તમામ નવ બાઈક રીકવર કરી દાહોદ ગેંગને ઉંડાણપૂર્વક પુછપરછ શરુ કરી છે.



ગાંધીનગર એલસીબી પીઆઈ નીરજ પટેલની સુચનાથી તેમની ટીમ શહેરમાં સક્રિય થયેલા વાહનચોરોને પકડવા દોડતી થઈ છે ત્યારે પીએસઆઈ એમ.જે.શીંદે ની ટીમ ગઈકાલે પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને મળેલી બાતમીને આધારે શહેરના સેકટર-૬ ખાતે મેદાનમાંથી એક કિશોર સહિત પાંચ શખ્સોને ચોરીના બાઈક સાથે પકડી પાડ્યા હતા. મુળ દાહોદની આ ગેંગના સાગરીતો પૈકી હાલ સેકટર-૧૫ ફતેપુરા ખાતે રહેતા વસંત દિનેશ ગરાસીયા, સેકટર-૭ શકિતમાતાના મંદિર પાસે રહેતા મહેશ ઉર્ફે કાળુ ભલા વલવાઈ, દાહોદના ફતેપુરા તાલુકાના મારગાળા ગામે રહેતા અલ્પેશ ઉર્ફે મજ્જુ વરસિંગ ભુરીયા અને દાહોદના ફતેપુરા તાલુકાના જવેશી નીસરતા ફળીયુ વિસ્તારમાં રહેતા વિપુલ બાબુ ભુરીયા ઉપરાંત અન્ય એક કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને પકડી પાડવામાં આવ્યો છે. આ તમામ સાગરીતોની પુછપરછમાં ગાંધીનગર સહિત ચાર જિલ્લાઓના નવ વાહનચોરીના ભેદ ઉકેલાયા છે. દાહોદ ગેંગની પુછપરછ કરતા બહાર આવ્યું છે કે તેઓએ એકબીજા સાથે મળી અલગ અલગ સમયે અલગ અલગ સ્થળોએથી આ બાઈકની ચોરી કરી હતી. સંતરામપુર, કચ્છ અને ગાંધીધામ ખાતેથી વાહનચોરી કરી ઉપરાંત ગાંધીનગર શહેરમાં સે-૫, સે.૭ ચૌધરી સ્કુલ પાછળના વિસ્તાર તથા સે-૬ માંથી પણ બાઈક કર્યા છે. કેટલાક બાઈકો ચોરી કરીને એસ.ટી ડેપોમાં સંતાડ્યા હતા. એલસીબીને ટીમે આ તમામ બાઈકો સહિત રૂ.૧.૭૫ લાખની કિંમતના ચોરી કરેલા ૯ બાઈકો રીકવર કરી તમામ સામે કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી છે. વાહનચોરતી આ દાહોદ ગેંગની પુછપરછમાં અન્ય એક સાગરીતનું પણ નામ ખુલતા તેની ધરપકડ માટે એલસીબીએ દોડધામ શરુ કરી છે.

# કેન્સરના દર્દીઓ માટે આઈઆઈટી-જીના વિદ્યાર્થીઓનું ૧૫૭ યુનિટસ રકતદાન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે તાજેતરમાં યોજવામાં આવેલ રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફની જહેમતને પગલે ૧૫૭ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. અમદાવાદની ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ સોસાયટી તથા રકતદાતા ફેડરેશનના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલા આ રકતદાન કેમ્પમાં અત્યાર સુધી આઆઈટીજી કેમ્પસમાં યોજાયેલા અગાઉના તમામ રકતદાતા કેમ્પ કરતા સૌથી વધુ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું છે.




આઈઆઈટી-જીની હેલ્થ કમિટી દ્વારા રાજયના કેન્સરના દર્દીઓને મદદરૂપ થવાના આશયથી તથા વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારી અને સેવાકીય ભાવનાના ગુણો ખીલે તે હેતુથી તા. ૨૦મી એપ્રિલે સંસ્થાના કેમ્પસમાં રકતદાન શિબિર યોજવામાં આવી હતી. આ રકતદાન શિબિરમાં સંસ્થાના ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકગણ સહિત સમગ્ર સ્ટાફ દ્વારા પ્રચાર પ્રસારની જવાબદારી ઉઠાવી શિબિરને સફળ બનાવવા પ્રયાસ કરાયો હતો. જે કુલ ૧૫૭ યુનિટસ રકત એકત્ર થવા સાથે પરિપૂર્ણ નિવડયો હતો. શિબિરમાં રકત એકત્ર કરવાની સેવા અમદાવાદની ગુજરાત કેન્સર સોસાયટી તથા રકતદાતા ફેડરેશન દ્વારા કરાઈ હતી. શિબિરમાં એકત્ર થયેલ રકત કેન્સરના દર્દીઓને વિના મૂલ્યે પુરું પાડવામાં આવશે. તમામ રકતદાતાઓને સંસ્થા દ્વારા પ્રમાણપત્રો આપી સન્માનવામાં આવ્યા હતા.

# ઘ-૫ પાસેથી એસઓજી પોલીસે બુલેટ ચોરને ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં બાઈક ચોર ઈસમોએ તરખાટ મચાવ્યો છે. શહેરમાં આંતરે દિવસે બાઈક ચોરીને અંજામ આપતા ઈસમોથી પોલીસ પણ પરેશાન હતી. વાહનચોરોને પકડવા માટે પોલીસ તંત્રના જવાનો રાત દિવસ એક કરી રહ્યા હતા. ત્યારે સેકટર-૭ પોલીસ મથકની હદમાં અને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની દિવાલથી બુલેટ ચોરીને લઈ ગયેલા શખ્સને એસઓજી પોલીસે પકડી પાડ્યો છે. એસઓજી પોલીસે ઘ-૫ ઓપન એર થિયેટર પાસેથી શખ્સને પકડી પાડી સેકટર-૭ પોલીસને સોંપ્યો હતો.




ગાંધીનગર એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેમની ટીમના કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ અને જયદિપસિંહને સંયુકત બાતમી મળી હતી કે ઘ-૫ સર્કલ પાસે ઓપનએર થિયેટર નજીક બ્લેક એનફીલ્ડ બુલેટ લઈને નીકળેલો શખ્સ ઘ-૪ તરફ આવી રહ્યો છે તે બુલેટ ચોરીનું છે. આ બાતમીને આધારે એસઓજીની ટીમ વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને બાતમીવાળુ બુલેટ લઈને આવેલા શખ્સને ઓપનએર થિયેટર નજીકથી પકડી પાડ્યો હતો. રાજસ્થાનના ધીમ તાલુકામાં રહેતો હનુમંત ઉર્ફે મનીષ ઉર્ફે હનુ નેન્હા સિંહ ચૌહાણ (રાવત) આ બુલેટ લઈને નીકળ્યો હતો. તેને પકડીને પુછતાછ કરતા બુલેટની માલિકી અંગેના કોઈ આધાર પુરાવા તેની પાસે મળી આવ્યા ન હતા. એસઓજી કચેરી લાવીને આરોપીની ઉંડી પુછતાછ કરતા બહાર આવ્યું હતું કે તેણે તેના ગામના અને હાલ કડી વિસ્તારમાં રહેતા મિત્ર હરદેવ કુપસિંહ માલસિંહ સાથે મળીને ત્રણેક દિવસ પહેલા આ બુલેટ ગાંધીનગરથી ચોરી કર્યું હતું. સવા લાખની કિંમતનું ચોરીનું બુલેટ તથા મોબાઈલ રીકવર કરી આરોપીની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

# કોટેશ્વરની સોસાયટીમાં મેઈનટેન્સ ખર્ચને લઈ માથાકુટ : અડાજલ પોલીસ મથકે ફરીયાદ

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર તાલુકાના કોટેશ્વર પાસે આવેલી એક સોસાયટીમાં મેઈનટેન્સ ખર્ચને લઈ માથાકુટ સર્જાઈ હતી. રહીશે ખર્ચનો હિસાબ માંગી મેઈનટેન્સ આપવાનું બંધ કરતા ઉશ્કેરાયેલા ચેરમેન સહિત ચાર શખ્સોએ ગાળો બોલી બે ગાડીના કાચ ફોડતા આ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કોટેશ્વર ખાતે અક્ષર હેબીટેડ ફલેટમાં ડી.૨૦૨ માં વસવાટ કરતા યોગેશભાઈ ગીરીજાશંકર મહેતાએ અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે સોસાયટીના ચેરમેન મિતેશ ફુલાભાઈ પટેલે મકાનના મેઈનટેન્સ ખર્ચનો હિસાબ ન આપતા ફરીયાદી તથા તેમના પાડોશીએ રૂ.૧ હજારનો મેઈનટેન્સ ખર્ચ આપવાનું બંધ કરી દીધુ હતું. જે અંગે છેલ્લા ૮ માસથી અવાર-નવાર ચેરમેન સહિત નાગરીકો હેરાન પરેશાન કરે છે.તા.૨૧ એપ્રિલના રોજ ફરીયાદી પોતાના કામથી અમદાવાદ ગયા હતા.ત્યારે રાત્રે સાડા અગીયાર વાગ્યાના અરસામાં ફલેટમાં જ રહેતા ચેરમેન મિતેશ પટેલ, જયંતિ પટેલ, હિરેન પટેલ, અને ગીરીશબાઈ ચર્તુવેદીએ ફલેટની નીચે રહીને ફરીયાદી અને તેમના પાડોશીઓને ગાળો બોલી હતી. ચારેય જણાએ બંન્ને પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તે ઉપરાંત ચારેય જણાએ મળીને બે ગાડીઓના કાચ તોડવાનું કામ કર્યુ હતું. બનાવ અંગે ફરીયાદીએ પોલીસને અરજી આપી હતી પરંતુ પોતાની ભુલ ન સ્વીકારતા આખરે તેમણે બુધવારે આ અંગે ફરીયાદ નોંધાવી હતી. અડાલજ પોલીસે સોસાયટીના ચેરમેન સહિત ચારેય શખ્સો વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# રવિવારે ગાંધીનગરમાં યોજાનારા કવિ સંમેલનમાં દિગ્ગજ કવિઓ રંગ જમાવશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના આંગણે ફરી એકવાર દિગ્ગજ કવિઓ તેમની કવિતાઓનો કેકારવ કરવા સજ્જ થઈ ગયા છે. શહેરમાં આગામી તા. ૨૮મી એપ્રિલ રવિવારે સાંજે ૫ કલાકે સેકટર-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે યોજાનાર કવિ સંમેલનમાં પ્રતાપસિંહ ડાભી ‘હાકલ’, શૈલેષ પંડયા ‘ભીનાશ’, કિશોર જિકાદરા, પ્રકાશ જલાલ, રમેશ ઠકકર, નટવર હેડાઉ અને સંજય થોરાત ‘સ્વજન’ જેવા કવિઓ પોતાની રચનાઓનો આસ્વાદ કરાવશે.

ગાંધીનગર સાહિત્ય સભા અને કલોલના શ્રી મહાકાલ કોમ્યુનિકેશનના સંયુકત ઉપક્રમે સાહિત્ય-સરિતા મુંબઈના સૌજન્યથી કવિ સંમેલનનું આયોજન કરાયું છે. કવિ સંમેલનનું આયોજન જાણીતા કવિ હિતેન આનંદપરા દ્વારા કરાયું છે અને કાર્યક્રમનું સંચાલન કવિ શૈલેષ પંડયા ‘ભીનાશ’ સંભાળશે. આ કવિઓ સાથે ગુજરાતી કવિતાના દિગ્ગજ ગણાતા કવિઓ જેવા કે પ્રતાપસિંહ ડાભી ‘હાકલ’, ગાંધીનગરના સુપ્રસિધ્ધ ગઝલકાર કિશોર જિકાદરા, કવિ પ્રકાશ જલાલ, સરકારી અધિકારી છતાં સાહિત્ય જીવ એવા રમેશ ઠકકર, સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપાધ્યક્ષ સંજય થોરાત ‘સ્વજન’ વગેરેનો પોતાની રચનાઓ પ્રત્યક્ષ રજુ કરતા સાંભળવાનો શહેરના સાહિત્ય રસિક શ્રોતાઓ માટે લ્હાવો બની રહેશે. કાર્યક્રમમાં શહેરના સાહિત્ય રસિકો-ભાવકોને આ કાર્યક્રમ માણવા સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



સરસ્વતી કોલેજ, ધણપ ખાતે છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને તેમના નામ સાથેના મોમેન્ટો અપાયા હતા. શિક્ષણની યાદગીરીના ભાગરૂપે ફોટાઓનું પ્રદર્શન યોજાયું હતું અને વિદ્યાર્થીઓ દ્વારા કેક કાપીને વિદાય સમારંભની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.



ચિલોડા સ્થિત ઓમ લેન્ડ શાળામાં માઈલ સ્ટોન કલ્ચરલ કાર્નિવલ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. તેજસ્વી અને દરેક ક્ષેત્રે સંસ્થાને ગૌરવ અપાવનાર તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગાંધીનગર એરફોર્સ સ્ટેશન-ગૃપ કેપ્ટન શિતલ વછાણી, ડો. ટી.એસ. જોષી, પી.એસ. પટેલ, ગિરીશભાઈ રાવલ, ડૉ. અશોકભાઈ રાવલ સાથે સંસ્થાના પ્રિન્સિપાલ એ ઉપસ્થિત રહી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

# ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ સ્વિમીંગ સિલેકશન ટ્રાયલ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૯, ૩૬મી સબ જુનિયર અને ૪૬મી જુનિયર સ્વિમીંગ ચેમ્પિયનશીપ મે માસના અંતે યોજાશે. જે અંતર્ગત તા. ૪મેના રોજ સાંજે ૫ વાગ્યાથી અડાલજ સ્થિત ડિવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ગાંધીનગર ડીસ્ટ્રીકટની સિલેકશન ટ્રાયલ યોજાનાર છે. સંસ્થા દ્વારા સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોને તા. ૧મે પહેલા ફોર્મ ભરી દિક્ષિત સકસેના ૯૪૨૮૦૮૯૩૪૬, ભગવાનમિલન યાદવ ૯૭૨૭૫૬૯૦૦૮ને નિયત સમયે જમા કરવા જણાવાયું છે તથા વધુ અન્ય માહિતી માટે સેક્રેટરી ગુરૂબક્ષસીંગ આનંદ ૯૭૨૪૧૭૮૩૫૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. સુથાર અમૃતભાઈ સોમાભાઈ, ઉ.વ. ૭૩
- સ્વ. જાની અનુપ ચંદ્રકાન્ત, ઉ.વ. ૪૧
- સ્વ. જાની જશોદાબેન કનૈયાલાલ, ઉ.વ. ૬૮
- સ્વ. ખત્રી ઈશ્વરીબાઈ હેમતાદાસ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર શનાજી આતાજી, ઉ.વ. ૬૮
- સ્વ. જાદવ અમાજી માધાજી, ઉ.વ. ૮૧